GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# 'પ્રશિષ્ટકૃતિ : આસ્વાદપર્વ' 'સત્યના પ્રયોગો'

## ડૉ. હેમાંગિનીબેન પ્રહલાદભાઈ પ્રજાપતિ

ઈ-મેઈલ - hemangeenip@gmail.com

પ્રશિષ્ટ એટલે ક્યારેય જૂનું ના થાય તેવું પહેલાંનાં સમયમાં પણ એ કૃતિનું મહત્ત્વ હતું, હાલના સમયમાં પણ એટલું જ એ કૃતિનું મહત્ત્વ છે. અને ભવિષ્યમાં આવનાર પેઢી માટે પણ આ સાહિત્ય ઉપયોગી થશે એવી કૃતિ જેને પ્રશિષ્ટ કહી શકાય. અને આજના યુગમાં જેની ખરેખર આ સાહિત્યની જરૂર છે, એવી કૃતિ એટલે 'સત્યના પ્રયોગો'. 'સત્યના પ્રયોગો' આ આત્મકથાના લેખક મોહનદાસ કરમચંદ ગાંધી છે.

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' ઈ.સ. 1927 માં પ્રગટ થયેલી અને આ આત્મકથાનો સમયગાળો ઈ.સ. 1920 સુધીનો છે. જેમાં જન્મથી માંડીને બાળપણ, લગ્ન, જીવન, શિક્ષણ વધુ અભ્યાસ માટે વિલાયતગમન સ્વદેશ પાછા ફર્યા તથા ધંધામાં થયેલા તેમનાં અનુભવોનું ભાથું તેમજ દક્ષિણ આફ્રિકા તરફ તેમનું પ્રયાણ, કાળા ગોરાનો ભેદભાવ વગેરે જેવી બાબતોનો અનુભવોનો નિચોડ અને એ પણ સત્યના સહારે તેમનું આલેખન થયેલું તે પણ નિખાલસ ભાવે અને વાસ્તવિકતા તેમની આત્મકથામાં આપણને જોવા મળે છે.

સમગ્ર આત્મકથાના પાંચ ખંડોમાં વિભાજિત થયેલી છે. પાંચસોથી વધારે પૃષ્ઠોમાં તેનું વિવરણ થયેલું છે. તેમની આ કૃતિના કેન્દ્ર સ્થાને સત્ય રહેલું છે. સત્યની શોધમાં નીકળેલા આ મહાન આત્માના જીવનની કરુણમંગલ ઘટનાઓનું વર્ણન સત્ય અને વાસ્તવિકતાના અત્રે આપણને દર્શન થાય છે.

ગાંધીજીની આત્મકથામાં આરંભથી માંડીને અંત સુધી 'સત્યના પ્રયોગો'ની જ રજૂઆત થઈ હોવાના કારણે જ તો સમગ્રપણે સત્યના દર્શન થતા તેમની આત્મકથામાં આપણને જોવા મળે છે. અને ગાંધીજીએ પણ એમની આત્મકથાની શરૂઆતમાં કહ્યું છે કે, "હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ સત્ય મને જડ્યું નથી, પણ એનો હું શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય એનો ત્યાગ કરવા હું તૈયાર છું અને શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારી તૈયારી છે અને શક્તિ છે એવો મને વિશ્વાસ છે."[1]

ગાંધીજીની ખરી કસોટી તો વકીલાતના વ્યવસાયમાં થઈ હતી. કારણ કે તે વ્યવસાયમાં જૂઠાને સાચું કરનારા વ્યવસાયમાં પણ એમને ખ્યાતિ મળી હતી. એ વ્યવસાયમાં રહીને સત્યાગ્રહી રહેવું એ મુશ્કેલ હતું તેમ છતાં ગાંધીજીએ એ વ્યવસાયમાં રહીને પણ સત્યને કદી આંચ આવવા નથી દીધી, "મારી શાખ એવી પડી હતી કે જૂઠા કેસ મારી પાસે ન જ આવે, હું એમ જ હંમેશાં માનતો હતો કે મને જૂઠો કેસ મળ્યો હો તો હાર મળજો."[2]

કેટલીવખત એમને જ્યારે ખબર પડે કે અસીલ ગુનેગાર હોય તો ગાંધીજી હંમેશાં તેના ગુનાને છૂપાવવાને બદલે ગુનાની કબૂલ કરવાની જ શિખામણ આપતા હતા. અત્રે આપણને ગાંધીજીની આત્મકથામાં એમની સત્યનિષ્ઠાનાં અનેક ઉદાહરણો મળે છે.

ગાંધીજીએ આજીવન સત્યને વળગી રહ્યા હતા. ભારતના રાજકીય, સામાજિક અને નૈતિક જીવન ઉપર તેમનો વિશેષ માહાત્મ્ય લાંબા સમય સુધી બિછાયેલો રહ્યો, જેમણે અહિંસાના માર્ગને આઝાદી અપાવી અને જેમનું જીવન એ જ એમનું સાહિત્ય સર્જન હતું. એવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની અતિ ભવ્ય પ્રતિભાનું એમની આત્મકથા 'સત્યના પ્રયોગો' માં સત્ય, હકીકત અને વાસ્તવિકતા જોવા મળે છે.

ગાંધીજીના સાર્વજનિક અને ગોપનીય જીવનનું આ આત્મકથામાં નિરૂપણ કરેલું છે. ગાંધીજીમાં રહેલા ગુણો જેવા કે અડગતા, નિર્ભિકતા, સત્યપ્રિયતા, સાદગી, નિખાલસતા અને પ્રયોગશીલતા વગેરે જેવા ગુણોના કારણે ગાંધીજીનું વ્યક્તિત્વ ખીલેલું એ ગુણોનું અનુકરણ આ નવીન પેઢી માટે આશીર્વાદરૂપી છે.

"સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનાં પૂજારી

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

ज्ञान: अध्ययन: परम्परा

તો રજકણ સુધ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે.”[3]

સત્યના શોધકને તલવારની ધાર પર ચાલવા બરાબર કહીએ તો પણ ખોટું તો નથી જ પણ સત્યના માર્ગ પર ચાલવાવાળા માણસને ભલે કષ્ટ આવે છે એ આપણે જાણીએ જ છીએ છતાં અંતે તો સત્યનો જ જય થાય છે. એટલે જ ગાંધીજીએ કહ્યું છે કે, “ભલે મારા જેવા અનેકનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ, અલ્પાત્માને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.”[4]

જેમ નિબંધ લખવો એ અઘરી બાબત છે, તેમ આત્મકથા લખવીએ જેવી તેવી વાત નથી ! એમાં દરેક વાત સત્ય હોય પણ તે વાંચનારને પણ સત્ય જ લાગે તેવી રીતે તેનું આલેખન પણ પરીક્ષા કરનારું બની જાય છે.

## સંદર્ભસૂચિ

[1] લે. ડૉ. ભરતકુમાર ઠાકર, પુ. “સાહિત્ય સ્વરૂપ શ્રેણી આત્મકથા : શિલ્પ અને સર્જન” પૃ.105, 106 આવૃત્તિ – પ્રથમઆવૃત્તિ 2009, પ્રકાશન - ભારતપ્રકાશન.

[2] સંપાદક- ભરત મહેતા પુ. “ગાંધીજી સત્યના પ્રયોગો” પૃ. 11 પ્રકાશન - પાર્શ્વપબ્લિકેશન અમદાવાદ.

[3] લે. મોહનદાસ કરમચંદ ગાંધી પૃ. “સત્યના પ્રયોગો” અથવા “આત્મકથા” પૃ. 6 (પ્રસ્તાવના) પ્રકાશન નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ. આવૃત્તિ - ફેબ્રુઆરી 1992

[4] લે. મો. ક. ગાંધી. પુ. “સત્યના પ્રયોગો” અથવા “આત્મકથા” પૃ. 6, 7 (પ્રસ્તાવના) પ્રકાશન - નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ આવૃત્તિ - ફેબ્રુઆરી 1992.

https://www.gapbhasha.org/